
# બાળકોના રંગલાલા



ભાગ-૧૧

લેખક
પ્રા. કુલીન ગ. ઉપાધ્યાય

# કૃપાદાન

(લાવણી છંદ)

નથી નાવિક કેવટ થઈ આવ્યો કે ચરણામૃત પાન કરું,
નથી દાસાનુદાસ બન્યો કે હું શ્રવણામૃત પાન કરું.
નથી શબરીસમભક્તિ મારી કે વચનામૃત પાન કરું,
નથી હું લાયક થઈને આવ્યો કે જ્ઞાનામૃત પાન કરું.

છું અધમાધમ પાપી પૂરો નિશદિન એ જ વિચાર કરું,
પતિતોદ્ધારક સંતચરણમાં જઈને શું ઉપચાર કરું ?
નથી અધિકાર હજી કૈં પામ્યો કે જઈને સત્કાર કરું,
કેવળ રંગ અવધૂત ચરણમાં હું જઈને નમસ્કાર કરું.

આવ્યો છું ભિખારી વેષે ભીખ માગવા તુજ દ્વારે,
ઉદારતાથી આપો છો એવું જાણી આવ્યો છું દ્વારે.
ધનવૈભવની નથી મહેચ્છા નવ માગું તારી પાસે,
કૃપાદાન દે **રંગ** અવધૂતા પાપીગણુ આવ્યો આશે.

ગણપતિશંકર ઉપાધ્યાય

(પૂ. શ્રી રંગ બાપજીને તા. ૨૪-૩-૬૩ના રોજ
વાંસદા મુકામે સંભળાવ્યું. જુઓ પ્રસંગ ૨૩)

# બાળકોના રંગદાદા
## ભાગ-૧૧


પ્રકાશક : શ્રીપ્રેમજયંતી સમિતિ, અમદાવાદ.
મો: ૯૮૨૪૫૦૪૨૦૬

ગ્રાફિક્સ : શ્રી અપર્ણા રાજેન્દ્ર ઉપાધ્યાય
“રાહ-રંગપ્રેમની”
મો: ૯૬૮૭૬૬૧૧૧૪

મુદ્રક : અજય ઓફસેટ
બારડોલપુરા, અમદાવાદ.

આવૃત્તિ : ચોથી
૧૨૫મી રંગજયંતી
કારતક સુદ નોમ, સં. ૨૦૭૯
તા. ૨-૧૧-૨૦૨૨

પ્રત : ૨૫૦

# આશીર્વચન

દરેક ભાષામાં બાળસાહિત્યનું મહત્ત્વ સ્વીકારાયું છે. પહેલાના સમયમાં દાદા-દાદીના ખોળામાં માથું મૂકીને સૂતેલા બાળકને દાદા-દાદી દ્વારા વાર્તા સાંભળવાની મળતી. હું પાંચ વર્ષની ઉંમરનો હતો ત્યારે મારા માતુશ્રીના ખોળામાં સૂતા સૂતા તેમના મુખેથી ભક્ત ધ્રુવની વાર્તા સાંભળતો. એના ફળ સ્વરૂપે 'બાળકોના રંગદાદા'નું બાળ સાહિત્ય પ્રાપ્ત થયું છે એવું મને લાગે છે. હવે આવા ભાગ્યશાળી પરિવારોની સંખ્યા ઓછી જોવા મળે છે. નાની ઉંમરના બાળકોને પૂ. બાપજીની વાતો કહીને એમનામાં પૂ.શ્રીની ભક્તિના અમી ઘૂંટડા ''વાનું કામ પરિવારમાં સભાનપણે થવું જોઈએ. પૂ.શ્રીની ભક્તિનો વિસ્તાર વધે અને એ ભક્તિનો વારસો પરિવારમાં જળવાઈ રહે એ આશયથી 'બાળકોના રંગદાદા' પુસ્તક શ્રેણીનું આયોજન થયું છે. એ શ્રેણીમાં દસ પુસ્તકો તો પ્રકાશિત થઈ પણ ગયા છે.

બાળકોને વાંચવાનું ગમે અને છતાં જાણતાં-અજાણતાં એના મનમાં સંસ્કારો દૃઢ થતા જાય એ રીતે તૈયાર થતું લખાણ પ્રશંસનીય છે, અનુકરણીય છે.

'બાળકોના રંગદાદા' ભાગ-૧૧ને હું આવકારું છું અને પ.પૂ. સદ્‌ગુરુ શ્રી રંગ અવધૂત મહારાજને પ્રાર્થના કરું છું કે આવું બાળ સાહિત્ય શ્રી કુલીનભાઈ વધુ ને વધુ પરિવારના બાળકોને પીરસતા રહે.

આપણે બાળકોને સાચવીશું તો બાળકો આપણને સાચવશે. બાળપણ એ ભગવાનની ભેટ છે. આ કીમતી ભેટનું આપણે જતન કરીએ અને આવા વધુ પુસ્તકોનું નિર્માણ કરીએ.

લિ.

ૐ

પ્રેમ

અમદાવાદ,

તા.૧૭-૫-૨૦૦૭

# આવકાર

ચરિત્ર કોઈ સંતનું લખવું બહુ મુશ્કેલ!
પણ જો ગુરુકૃપા હશે તો થઈ જાયે સ્હેલ. ૧.

જન્મ્યાં જીવ્યાં જે જગતકાજે રંગ અવધૂત!
આજ ને ભાવિ પેઢીનો, આદર્શ એ અદ્‌ભુત. ૨.

બાળક કુમળો છોડ છે, વાળીએ તેમ વળાય,
આ તો કોરી સ્લેટ છે, લખીએ તેમ લખાય. ૩.

આવા પ્રયત્નથી જ સારા સંસ્કાર સિંચાય,
ઘડવૈયા ભાવિ તણા એથી પેદા થાય. ૪.

બાળક આવે છે લઈ ગત જન્મ સંસ્કાર,
સદ્‌ભાગી આ ઝીલશે, છે જેનો અધિકાર! ૫.

વિભુથી વિમુખ હોય જે, તે અજ્ઞાની ગણાય,
ભલે ઉંમરે વૃદ્ધ પણ, બાળક તે જ ગણાય. ૬.

એવા પણ પામી જશે, આમાંથી કંઈ શ્રેય!
જીવતરનું ભાથું ભરી ભૂલી જાશે પ્રેય. ૭.

ગુરુને ગમતાં કામમાં **કુલીન** નિમિત્ત થાય,
એક જ દૃષ્ટિપાતથી કેવી પ્રેરણા થાય? ૮.

રંગદાદાની આ થતી આવૃત્તિ અગિયાર,
**વિઠ્ઠલ-કુલીન** પામીયા **રંગ-પ્રેમ**નો પ્યાર. ૯.

**વિઠ્ઠલભાઈ પાઠક**
**(કીર્તન કેસરી)**

તા. ૧૦-૫-૨૦૦૭

# લેખકનું નિવેદન

જ્યારે બાળકોનું મન કોરી સ્લેટ જેવું હોય ત્યારે જ આપણે એના ઉપર સંસ્કારી વાતોનું રેખાંકન કરી દઈએ તો સારું. 'કુમળા છોડને વાળીએ તેમ વળે' એ ન્યાયે નાના બાળકોને પૂ.શ્રી વિશેની વાતો જાણવા મળે તો સારું એવા વિચારમાંથી આ પુસ્તિકાનું પ્રકાશન થઈ રહ્યું છે.

મારા પુત્ર હર્ષલની નિર્જરીને આ સંસ્કારોથી મઢવાની વૃત્તિથી વાતો કરતાં કરતાં આવી પુસ્તિકાની શ્રેણી રચવાની ઈચ્છા જાગી. એમાં 'બાળકોના મોટા' એવી પુસ્તિકા હાથમાં આવી. શ્રી મુકુલ કલાર્થીની આ પુસ્તિકાની વાત શ્રી સુભાષભાઈ દવેને કરી તો એમણે મને પ્રોત્સાહિત કર્યો કે રંગ પરિવારના મુકુલભાઈ તમે બનો. એમનો વિશ્વાસ ગુરુ મહારાજની કૃપાથી સાચો ઠર્યો છે એટલે એ વિશ્વાસ જગાવનારના ઋણ સ્વીકારરૂપે એમનું સ્મરણ કરું અને આભાર માનું એ ઉચિત જ છે.

કવિ માટેનો આવકાર કાવ્યમાં હોવો જોઈએ એવી ભાવનાથી મુ. વિઠ્ઠલભાઈએ કાવ્યમાં લખેલા આવકાર માટે એમનો આભારી છું. પ્રૂફ તપાસવા માટે તેમજ જોડણી શુદ્ધિ માટે મારા ધર્મપત્ની સૌ. અંજનીનો હું આભારી છું.

પૂ. પ્રેમ અવધૂતજીનો આભાર માની હું અંગતપણાનો ભાવ ક્ષીણ થવા નહિ દઉં. એ પ્રેરકબળ પણ છે અને ચાલક બળ પણ છે. પ.પૂ.શ્રી રંગ અવધૂત મહારાજના ચરણોમાં અનેકાનેક વંદન અને પૂ. પ્રેમ અવધૂતજીને સાદર વંદન હો!

અમદાવાદ — લિ.
તા. ૧૪-૫-૨૦૦૭ — **કુલીન ઉપાધ્યાય**
(૦૭૯- ૨૭૪૮૦૦૮૮)

# (૧)

## માતૃદેવો ભવ ।

મા એ પૃથ્વી ઉપરની દેવી છે. ઇશ્વર અને માતા એ બંને એક જ સિક્કાની બે બાજુ છે.

પૂ.શ્રીએ માતા અંગે બે સૂત્રો આપ્યા.

એક "માતા માતૈવ કેવલમ્" મા તે મા.

અને બીજું "ન માતુઃ પરદૈવતમ્" માતાથી બીજું કોઇ શ્રેષ્ઠ દૈવત નથી.

પૂ.શ્રીએ ફક્ત 'મા'નું મહત્ત્વ ગાયું નથી.

આચરણમાં પણ ઉતારી બતાવ્યું છે.

જેવું જાણ્યું એવું જીવ્યા.

પૂ.શ્રી રોજ સ્નાનાદિથી પરવારીને પૂ.માજીની ઓરડીએ જાય અને વંદન કરે.

'મા રાજી તો દુનિયા રાજી' એવો ભાવ.

બહારગામ જવાના હોય તો માજીને પગે લાગીને જ નીકળે.

પૂ.શ્રી ટ્રેઈનમાં મુસાફરી કરે.
મોટરકારની મુસાફરી અનુકૂળ ન આવે.
પેટ્રોલની વાસથી વાન્તિ (ઉલટી) થાય.
પરંતુ ટ્રેઈનમાં જવું હોય ત્યારે કોરલ જાય અને મોટી કોરલથી ગાડી પકડે.
નારેશ્વરથી નારેશ્વર રોડ રેલ્વે સ્ટેશન સુધીના રસ્તા ઉપર કદી વાહનનો ઉપયોગ ન કરે.
જાય તો પગે ચાલીને જાય.
એક વાર વહેલી સવારે ગાડીમાં જવાનું હતું.
પૂ.શ્રી હોડી મારફત મોટી કોરલ જાય.
તૈયાર થઇને પૂ. માજીને પગે લાગવા ગયા.
સમય ઓછો હતો. જવાની ઉતાવળ હતી.
પૂ. માજીને પગે લાગવા ગયા તો પૂ. માજી સંડાસ ગયા હતા.
જે બેન સેવામાં હતા એમણે કહ્યું કે પૂ. માજી જાજરૂ ગયા છે.
ગાડી ન ચૂકી જવાય તે માટે નીકળવું જરૂરી હતું.
પૂ.શ્રીએ મનોમન પ્રણામ કરી લીધા.
સેવામાં રહેલા બેનને કહ્યું કે માજીને કહેજો કે વંદન કરવા આવ્યો હતો. મોડું થાય છે તેથી જઉં છું.

**કિં કિં ન સાધયતિ કલ્પલતૈવ સેવા ।**

પૂ.માજીને પ્રત્યક્ષ પગે ન લાગી શકાયું તેનું ભારે દુઃખ હતું અને આ દુઃખ એમણે વારંવાર વ્યક્ત કર્યું હતું. પોતાની માતાને સુપ્રીમ કોર્ટ માની 'મા'ની આજ્ઞાનું પાલન કરનાર રંગદાદાને લાખ લાખ પ્રણામ.

હે બાળકો! તમે પણ તમારા માતા-પિતાને રોજ વંદન કરજો.

નમે તે ગમે.

વંદન અને ચંદન ઠંડક આપનારા છે.

•

## (૨)

## અનોખું અને દિવ્ય ચિંતન

રંગદાદાની દેવભક્તિ અનોખી.

દેશભક્તિ પણ અજોડ.

ધર્મનો મર્મ સમજે.

ધર્મ પાળવામાં જડતા નહિ પણ એના હાર્દને જાળવે.

શાસ્ત્રની વાતો અંગે અનોખું ચિંતન કરે.

એક વાર પોરમાં મુકામ.

સેવામાં ગોવિંદભાઈ ઉપાધ્યાય.

**સેવા કલ્પલતા થકી જ સઘળું વિશ્વે સધાતું રહે.**

રાત્રે ચરણસેવા કરે.

પગ દબાવતાં દબાવતાં શ્રીગુરુલીલામૃતના દોહરા ગણગણે.

પૂ.શ્રીએ આ ગણગણાટ સાંભળ્યો.

એમણે પડખું ફેરવ્યું. અને ગોવિંદભાઇને પૂછ્યું: "ગોવિંદ! તું શ્રીગુરુલીલામૃતનું પારાયણ કરે છે?"

ગોવિંદભાઈએ હા પાડી.

રંગદાદાએ બીજો પ્રશ્ન કર્યો: "ગુરુલીલામૃતની કોઇ વાત એવી ખરી કે જે તારે ગળે ન ઉતરતી હોય? તને શંકા થાય?"

ગોવિંદભાઈએ પહેલા તો હા-ના કરી.

પછી કહ્યું કે "બાપજી! સહસ્રાર્જુન જમદગ્નિ ઋષિના આશ્રમમાં ગયો એ વાત જ્યારે પણ વાંચુ ત્યારે મન ચકડોળે ચઢે. મને એમ થાય કે આ કામધેનુ ગાયે આ બધી વસ્તુ એના મુખમાંથી કેવી રીતે કાઢી હશે? આવું બને કેવી રીતે?"

પૂ.શ્રી હસી પડ્યા.

ધીમેથી કહ્યું કે આ કામધેનુ ગાય એટલે એવી કોઇ ગાય નહિ પણ આપણી ઈચ્છાશક્તિ. આ કામધેનુ ગાય એ તો આપણી ઈચ્છાશક્તિનું પ્રતીક છે. આપણે જે

ઇચ્છીએ તે થાય એવી દૃઢ ઇચ્છાશક્તિ એ જ કામધેનુ. ગોવિંદભાઇ તો પાછા વિચારમાં પડ્યા કે આપણે જે ઇચ્છીએ તે થાય કેવી રીતે?

●

(૩)

## મન હોય તો માળવે જવાય

કામધેનુ એટલે આપણી ઇચ્છાશક્તિ.

આ ઇચ્છાશક્તિ એવી દૃઢ હોવી જોઇએ કે એ પ્રમાણે થાય જ.

આવું પૂ.શ્રીએ ગોવિંદભાઇને સમજાવ્યું.

સ્થૂળ દૃષ્ટાંતનો સૂક્ષ્મ બોધ.

ગોવિંદભાઇએ કહ્યું: “બાપજી! આપના જેવાની એવી ઇચ્છાશક્તિ હોઇ શકે પણ અમારું શું ગજું?”

બાપજીએ કહ્યું કે તમારા લોકોની ઇચ્છાશક્તિ પણ એવી થઇ શકે.

ગોવિંદભાઇએ પૂછ્યું કે કેવી રીતે થાય?

એટલે બાપજીએ કહ્યું કે હૃદયને નિર્મળ કરીએ એટલે થાય.

**સેવાધર્મ અતિ ગહન જે યોગીને પણ અગમ્ય.**

અંતઃકરણ રાગદ્વેષ વિનાનું કરીએ એટલે આપણે જેમ ઇચ્છીએ તેમ થાય.

ગોવિંદભાઇ તો સાંભળી જ રહ્યા.

પાછો પ્રશ્ન થયો એટલે બાપજીને પૂછ્યું: બાપજી! પણ અંતઃકરણ રાગદ્વેષ વિનાનું કેવી રીતે થાય? એટલે બાપજીએ કહ્યું કે શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્। એવું અવધૂતે અમસ્તુ કહ્યું છે!

ટૂંકમાં શ્વાસે શ્વાસે ભગવાનના નામનું સ્મરણ કરવાથી અંતઃકરણમાંથી રાગદ્વેષ ઓછા થાય છે અને એક દિવસ એ અંતઃકરણ રાગદ્વેષ વિનાનું નિર્મળ થઇ જાય.

પછી તમે જે ઇચ્છો તે થાય.

પરંતુ મઝાની વાત એ છે કે અંતઃકરણ નિર્મળ થાય પછી તમને કોઇ ઇચ્છા જ ન થાય.

ઇચ્છાશક્તિની તાકાત દર્શાવતા બે ત્રણ અનુભવ પૂ.શ્રીએ ગોવિંદભાઇને કરાવ્યા.

એ જોઇને ગોવિંદકાકા તો દંગ જ થઇ ગયા.

●

**સેવામાર્ગ ભક્તિમાર્ગથી પણ ઉન્નત છે.**

(૪)

## સંકલ્પબળનો પુરાવો

પોર ગામના ગોવિંદભાઈ ઉપાધ્યાય.

પૂ.બાપજીના અનન્ય ભક્ત.

પૂ.શ્રીએ એમને ઈચ્છાશક્તિરૂપી કામધેનુનું રહસ્ય સમજાવ્યું.

રાગદ્વેષ વિનાના નિર્મળ અંતઃકરણમાં જે ઈચ્છા જન્મે તે ફળે.

એ ઈચ્છા પ્રમાણે બધું બને.

આ વાત ગોવિંદભાઈને સમજાય એવા બે બનાવો બન્યા.

એક દિવસ પૂ.શ્રીએ સવારના પહોરમાં પૂછ્યું: "ગોવિંદ! પોંકને કેટલી વાર? પોંક મળે?"

ગોવિંદભાઈએ કહ્યું: "બાપજી! હજી તો પોંક તૈયાર થવાને ઘણી વાર. મહિના- દોઢ મહિના પછી પોંક મળે."

આટલી વાત થઈ અને ગોવિંદભાઈ સેવાકાર્ય કરવા લાગ્યા.

પૂ.શ્રીની કુટિરથી થોડે દૂર એક ઝાડ.

**સેવાથી શત્રુ પણ મિત્ર બની જાય છે.**

એ ઝાડ નીચે એક ભકત ઉભેલો.
એણે ગોવિંદકાકાને બૂમ પાડી.
ગોવિંદકાકા ત્યાં પહોંચ્યા.
પેલા ભાઇએ કહ્યું કે આજે વહેલી સવારે ખેતરમાં જઇને બાપજી માટે પોંક પાડીને લાવ્યો છું. પૂ.શ્રી એમાંથી એક-બે ફાકા મારે તો પણ મને સંતોષ થશે!
ગોવિંદભાઇ તો વિચારમાં જ પડી ગયા.
અરે! હજી હમણાં જ મેં તો પોંકની બહુ વાર કહી હતી અને અહીં તો પોંક તૈયાર.
ઇચ્છાશક્તિનો પરચો મળ્યો.
પોરમાં બાપજીનો મુકામ. સવારના નવેક વાગ્યા હશે.
બાપજીએ પૂછ્યું: "ગોવિંદ! માસ્તર આવ્યા?"
માસ્તર એટલે જગજીવન ગાંધી.
પૂ.શ્રીના હનુમાન શા સેવક.
ગોવિંદભાઇએ કહ્યું: "ના બાપજી. માસ્તર આવે તો મોડા આવે. એ તો ગાડીમાં ઇટોલા ઉતરે અને પછી પોર આવે. બપોરના બે પહેલા ન આવે."
બસ! આટલી વાર થઇ અને દસ-પંદર મિનિટમાં જ ગોવિંદભાઇના કાને અવાજ પડ્યો: 'ગુરુદેવ દત્ત'.
જોયું તો માસ્તરકાકા.

**જે કરે સેવા તેને મળે મેવા.**

ગોવિંદભાઈથી પૂછાઈ ગયું કે 'અરે! અત્યારે ક્યાંથી?'

જગજીવનભાઈ બોલ્યા: "કાલનો વડોદરા આવ્યો હતો. રાત્રી વડોદરામાં ગાળી. પૂ.શ્રી પોર છે એવું જાણ્યું એટલે થયું સવારના દર્શન કરીને પછી નારેશ્વર જઉં."

જે શ્વાસે શ્વાસે ભગવાનનું નામસ્મરણ કરતા હોય એની ઈચ્છાશક્તિ કેવી મજબૂત હોય તે જોયું.

હે બાળકો! આપણે પણ મન અને હૃદય નિર્મળ રાખીએ તો રંગદાદાની જેમ આપણી ઈચ્છાશક્તિ પણ મજબૂત બને.

આપણા અંતરના આંગણિયે કામધેનુ બંધાય.

●

## (૫)

## ધૂમાડા પાછળ પૈસાનો ધૂમાડો

વડોદરા શહેરથી વીસ કિલોમીટર દૂર એક નાનું ગામ છે.

પોર એનું નામ.

એમાં એક રંગભક્ત રહે.

નામ ગોવિંદભાઈ ઉપાધ્યાય.

રંગ પરિવારના પૂજનીય વ્યક્તિ ગણાય.

**સેવા એ પ્રેમનું બાહ્ય સ્વરૂપ છે.**

મીંઢોળના પ્રભાશંકરભાઈ ગોર એમના મામા થાય.
ખૂબ નાના હતા ત્યારે મીંઢોળમાં પૂ.શ્રીના દર્શન કરેલા.
ધીરે ધીરે પૂ.શ્રી તરફ શ્રદ્ધા અને ભક્તિભાવ વધતા ગયા.
આ ગોવિંદભાઈ મોટા થયા.
ગામડામાં ચ્હા પીવાની અને બીડી પીવાની ટેવ સામાન્ય ગણાય. બધા જ પીએ.
આપણા ગોવિંદભાઈ પણ સિગરેટ પીએ.
સિગરેટ પીવામાં શરમ નહિ.
જાણે પોતે બહુ મોટું કામ કરતા હોય એવો ભાવ અનુભવે.
પૂ.શ્રીની સાથે પરિચય વધ્યો.
અંગત સેવામાં રહેવાની તક પણ મળી.
પૂ.શ્રીને ખબર પડી કે ગોવિંદભાઈને સિગરેટ પીવાની ટેવ છે.
આ ટેવ છોડાવવી જોઈએ.
મા, બાપ અને ગુરુએ વ્યક્તિને કલ્યાણના પંથે દોરવા જોઈએ.
એક વાર પૂ.શ્રી અને ગોવિંદભાઈ બે પ્રવાસમાં હતા.
નર્મદાને રસ્તે નારેશ્વર આવતા હતા.

**દીન-દુઃખી સાથે એકરૂપ થવું એ જ સેવા છે.**

વાતમાં ને વાતમાં પૂ.શ્રીએ કહ્યું: "ચા પીવાથી તો થોડું દૂધ પણ પેટમાં જાય. આ સિગરેટ પીવાથી શું થાય? ધૂમાડો જ પીવાનોને?"

આ વાત ગોવિંદભાઈના ગળે ઉતરી ગઈ.

ધૂમાડો પીવા પાછળ પૈસાનો ધૂમાડો કરવાનો?

પૂ.શ્રીની જેમ નિર્વ્યસની થવું જોઈએ.

ગોવિંદભાઈએ તે જ ક્ષણે સિગરેટ ન પીવાનું નક્કી કર્યું.

ધૂમાડા પાછળ થતો પૈસાનો ધૂમાડો બંધ થઈ ગયો.

બાળકો! આ જ ગોવિંદદાદાએ શ્રીરંગલીલામૃત લખ્યું.

ખૂબ ભજનો લખ્યા અને ઘણી કથાઓ કરી.

પૂ.શ્રીની જન્મશતાબ્દીના વર્ષે મુંબઇમાં શ્રીગુરુલીલામૃતના ઉપાસના કાંડની કથા કરતાં કરતાં દેહ છોડ્યો.

રંગદાદાએ કેવું જીવન પરિવર્તન કર્યું?

•

**સંયમ અને સેવા એ જ સાચું વ્રત છે.**

## (૬)

## ધન્યો ગૃહસ્થાશ્રમઃ ।

દેવદત્તભાઇ જોષી એનું નામ.
રાજપીપળાના શિવપ્રસાદ જોષીના દીકરા.
પિતાની રંગભક્તિ વારસામાં મળી.
નાની ઉંમરથી પૂ.શ્રીનું સાંનિધ્ય મળ્યું.
અભ્યાસમાં પણ તેજસ્વી.
પોતાના વિચારો બાપજી સમક્ષ મોકળા મનથી રજૂ કરે.
મનની મૂંઝવણ અવધૂતજીને કહે.
બાપજી એટલે બધું જ, સર્વસ્વ.
એમને બધું કહેવાય અને બધું પૂછાય.
એક વાર પોતાનું હૈયું ખોલ્યું.
એમણે કહ્યું: "બાપજી! આ જીવન સંસારના પદાર્થો મેળવવા માટે ખરચવા કરતાં પ્રભુને મેળવવા માટે જ ખરચવું એમ મને લાગે છે એટલે હું પરણવા નથી માગતો.
બાપજી! કોઇવાર લગ્ન જીવનની દિવ્યતાનો વિચાર આવે ત્યારે મન પરણવાની ઇચ્છા કરે પરંતુ જીવન સાર્થકતા વિશે વિચારું ત્યારે બુદ્ધિ પરણવાની ના પાડે: મારે શું કરવું?"

**નિષ્કામ સેવા એ કર્મયોગની ચાવી છે.**

પૂ.શ્રી એટલે વિરલ વિભૂતિ.
એમનું ચિંતન વિશિષ્ટ પ્રકારનું.
કોઈને ખોટે રવાડે ના ચઢાવે.
પૂ.શ્રીએ ધીમેથી જવાબ આપતા કહ્યું: "આધ્યાત્મિકતા માટે લગ્ન બાધક છે એવું તને કોણે ઠસાવ્યું?
અરે! લગ્ન તો એમાં મદદરૂપ થાય છે.
લગ્ન કરવામાં આપણે ઉદ્દેશ શુદ્ધ રાખવાનો.
પ્રભુને હંમેશ નજર સમક્ષ રાખીને જીવન વ્યવહાર રાખવાનો.
શાંત અને સંસ્કારી જીવન જીવતાં જીવતાં રામકૃષ્ણ પરમહંસ, સ્વામી મહારાજ, ગાંડા મહારાજ, તુકારામ અને એકનાથ વગેરેએ શું આધ્યાત્મિકતા સિદ્ધ કરી નથી?
સંસ્કારી મનુષ્યો માટે તો લગ્ન અનિવાર્ય છે.
સંસ્કારી માણસો લગ્ન કરશે તો સમાજમાં પણ એક પ્રકારની સ્વસ્થતા આવશે.
નીતિરીતિસરનું જીવન જીવવાની બીજાને પ્રેરણા મળશે.
માટે તારે લગ્ન કરવું અને ગૃહસ્થાશ્રમનો યોગ પૂરો કરવો.
એ જ શ્રેષ્ઠ માર્ગ છે."

**સેવાનો સાબુ ને પ્રેમનું પાણી હૃદયને શુદ્ધ કરે છે.**

અવધૂતજીની શિખામણ અદ્ભુત છે.
ધન્યો ગૃહસ્થાશ્રમ દ્વારા ગૃહસ્થાશ્રમની પ્રશંસા થઈ છે.
લગ્ન કર્યા એટલે આધ્યાત્મિક પંથ બંધ એવું માનવું નહિ અને ખોટા વાદે ચઢવું નહિ.

●

## (૭)

## ❁ ક્રાંતિના મશાલચી ❁

આપણા રંગદાદા અલૌકિક સંત હતા.
રૂઢિને પાળતા પણ પંપાળતા નહિ.
વર્ણપ્રથામાં અને વર્ણાશ્રમધર્મમાં માને પણ વખત આવે ત્યારે વ્યવહારુ નિર્ણય પણ લે.
અમદાવાદના એક જૈન ભાઈ.
બેંક ઓફ ઈન્ડિયામાં નોકરી કરે.
પૂ.શ્રીથી અપરિચિત.
માનવજીવન પ્રશ્નોથી ભરેલું હોય છે.
આ ભાઈને અનિદ્રાનો રોગ લાગુ પડ્યો.
દિવસે બેંકમાં નોકરી કરે.
શારીરિક શ્રમ કરે પણ રાત્રે ઊંઘ ના આવે.

ચૌદ વર્ષ અનિદ્રાના રોગથી પીડાયા.
ઉપાયો તો કર્યા પણ સફળતા ના મળી.
એમના એક પરિચિત ભાઈ.
એમનું નામ શ્રી નાનુભાઈ વૈદ્ય.
તે પૂ.શ્રીના ભક્ત.
એ ભાઈ દત્તબાવની કરે.
દત્તબાવની એટલે એટમબોંબ.
એનાથી તો બધા પ્રશ્નો હલ થાય એવો એમને વિશ્વાસ.
એ ભાઈના મનમાં વિચાર આવ્યો.
એ તો દત્તબાવની લઈને ઉપડ્યા એ જૈનભાઈને ઘરે.
એમના હાથમાં દત્તબાવની મૂકી.
રાત્રે સૂતી વખતે એક વાર બોલજો એમ કહ્યું.
મિત્રના હૃદયમાં ભાવના અને શ્રદ્ધા બે હતાં.
પેલાભાઈએ તો રાત્રે દત્તબાવની કરી. આશ્ચર્ય કહો કે ચમત્કાર કહો એવું થયું.
એ જૈનભાઈ ઘસઘસાટ ઊંઘી ગયા અને પૂ.શ્રીના અનન્ય ભક્ત થઈ ગયા.
આ જૈનભાઈનું નામ ઈન્દ્રવદનભાઈ સી. શાહ.
એચ.એલ.કોલેજ પાસે રહે છે. એ ભાઈનું લગ્નજીવન ડહોળાયેલું હતું.

**સેવાનું કાર્ય ઈશ્વરની નજીક લઈ જાય છે.**

પ્રથમવારની પત્નીથી છૂટા પડ્યા.
પૂ.શ્રીની ભક્તિનો રંગ ચઢ્યે જતો હતો.
અનાવિલ જ્ઞાતિના એક બેન પૂ.શ્રીના ભક્ત હતા.
એમના લગ્ન થયા ન હતા.
પૂ.શ્રીએ ઇન્દ્રવદનભાઇના લગ્ન આ અનાવિલ બેન સાથે કરાવ્યા.
એ બેનનું નામ લતાબેન.
પોતાની દીકરી સોંપતા હોય એ રીતે પૂ. અવધૂતજીએ ઇન્દ્રવદનભાઈને કહ્યું: "જો લ્યા ઇન્દ્રવદન! આ લતા મારી દીકરી જેવી છે.
એને કંઇ દુ:ખ ન પડવા દેતો."
એક જૈન ધર્મના યુવકના અનાવિલ જ્ઞાતિની કન્યા સાથેના આંતરજ્ઞાતીય લગ્ન પૂ.શ્રીએ કરાવી ક્રાંતિની મશાલ હાથમાં પકડી.
આવા હતા ક્રાંતિના મશાલચી આપણા રંગદાદા.

●

**કરવી તો જન સેવા કરવી, લેવું હરિનું નામ.**

(૮)

## ક્ષમા વીરસ્ય ભૂષણમ્

વીરનું ભૂષણ ક્ષમા છે.

Forget and Forgive એ સોનેરી સૂત્ર છે.

પણ એને અમલમાં મૂકવાનું કામ કઠણ છે.

જેને માટે આપણને સાચો પ્રેમ હોય તેને આપણે તરત ક્ષમા આપી શકીએ.

આપણા રંગદાદાના હૃદયમાં પ્રાણીમાત્ર માટે પ્રેમ.

બધા હળીમળીને રહે તે ગમે.

એમનું વલણ મંડનાત્મક.

ઘરમાં સલાહસંપથી રહો.

નાનાની ભૂલ મોટા માફ કરે એવું ઇચ્છે.

વડીલ ટકોર કરે તે બરાબર, ટકટક કરે તે ખોટું.

સિનોર તાલુકાનું મીંઢોળ ગામ.

પ્રભાશંકર ગોરને કારણે પૂ.બાપજી મીંઢોળ પધાર્યા.

આ ગામમાં ગોરધનભાઇ પટેલ નામનો એક નવયુવાન રહે.

નિર્વ્યસની અને મહેનતુ.

આગવી કોઠાસૂઝ.

**સેવા અને સ્મરણ પ્રભુ પામવાના દ્વાર છે.**

પૂ.શ્રીના પ્રથમ દર્શને પ્રભાવિત થયા અને પછી તો નિષ્ઠાવાન રંગભક્ત બની ગયા.
નારેશ્વરને માટે અંગત જીવનનું સુખ જતું કર્યું.
મગજ તેજ.
ધારેલું કરે અને ધારેલું બીજા પાસે કરાવે. ધારેલું થવું જ જોઇએ એવો આગ્રહ.
એમને એક દીકરો.
નામ એનું ડાહ્યાભાઈ.
જયારે જમાનો એકદમ રૂઢિચુસ્ત હતો ત્યારે ગામડાના વાસી ગોરધનભાઈના દીકરા ડાહ્યાભાઈએ જ્ઞાતિ બહાર લગ્ન કર્યું.
આ આંતરજ્ઞાતીય લગ્નથી ગોરધનભાઈને દુ:ખ થયું. એક ઘા ને બે કટકાની નીતિવાળા ગોરધનભાઈએ ડાહ્યાભાઈને કુટુંબથી જુદા કર્યા.
દીકરાના પગલાથી મનદુ:ખ થાય એ સ્વાભાવિક હતું. પણ દીકરા સાથે સંબંધનો છેડો ફાડી નાખવાનું પગલું વ્યાજબી ખરૂં?
ગોરધનભાઈને એ વ્યાજબી જ લાગેલું.
થોડો સમય ગયો અને ગોરધનભાઈને ત્યાં શુભપ્રસંગ આવ્યો.

**સેવાની સૌરભ ચારે દિશામાં ફેલાય છે.**

એ જ સમયે પૂ.બાપજીને ખબર પડી કે ગોરધનભાઇ દીકરા સાથે સંબંધ રાખતા નથી એટલે આ શુભપ્રસંગે દીકરાને બોલાવ્યો નથી.

ગોરધનભાઈની પૂ.શ્રી પ્રત્યેની ભક્તિ અનન્ય.

નિષ્ઠા અજોડ.

પૂ.શ્રીની આજ્ઞા માથા ઉપર.

પૂ.શ્રીએ ગોરધનભાઇને બોલાવ્યા અને કહ્યું: "આપણે ડાહ્યાને બોલાવવાનો."

બસ! બાપજીની આજ્ઞા થતાં જ એનો અમલ કર્યો.

પોતાને ગમે કે ના ગમે પણ બાપજીએ કહ્યું એટલે કરવાનું.

ડાહ્યાભાઈ શુભપ્રસંગે આવ્યા.

ઘરમાં બધાને મળ્યા. ઘર પાછું સમરસ થયું.

રંગદાદાનું વલણ આવું મંડનાત્મક હતું.

આંતરજ્ઞાતીય લગ્ન કરીને દીકરાએ ભૂલ કરી તો સંબંધ તોડીને બાપે પણ ભૂલ કરીને?

ક્ષમા આપવાનું કામ કાચાપોચાનું નથી.

વીર જ ક્ષમા આપી શકે.

દુશ્મનને ક્ષમા આપવી સહેલી છે પણ દીકરાને કે દોસ્તને ક્ષમા આપવી ખૂબ અઘરી છે.

**સેવા એ કલિયુગમાં તરી જવાનું તપ છે.**

ક્ષમા એ તો વીરનું આભૂષણ છે.
આપણે પણ પ્રેમથી ક્ષમા આપવાનું શીખીએ.

•

(૯)

## મનથી બંધન-મનથી મુક્તિ

પચરંગી એવું મોટું શહેર એમાં પૂ.શ્રીના એક ભક્ત રહે. પૂ.શ્રીના પ્રથમ દર્શન બાર-તેર વર્ષની નાની વયે કરેલા. પૂ.શ્રી જ્યોતિષ વિદ્યામાં વિશ્વાસ રાખે પણ જ્યોતિષીને આધારે જીવવાની ના કહે.

ભગવાન સાથે - ગુરુ સાથે- સીધો સંબંધ બાંધો.

ગ્રહો તો ભગવાનના ચપરાસી છે- નોકર છે.

ભગવાન આપણી સાથે હોય પછી ગ્રહ આપણું શું બગાડી શકે?

સને ૧૯૬૨નું વર્ષ.

એપ્રિલ-મે માસમાં એમનું વેવિશાળ થયું.

બંનેના મન મળ્યા અને લગ્નનું વિચારાયું.

એ ભાઇના માતુશ્રી લગ્નતિથિ માટે જ્યોતિષી પાસે ગયા.

**સાચી સેવાથી આપણો આત્મા રાજી થાય છે.**

બંનેના જન્માક્ષર આપ્યાં અને લગ્ન ક્યારે કરવાં તે પૂછ્યું.
જ્યોતિષીએ મૂળમાં જ ઘા કર્યો.
લગ્નતિથિની વાત બાજુએ રહી.
જ્યોતિષીએ કહ્યું કે આ કન્યાને તો મંગળ છે.
આ મંગળવાળી કન્યા જીવનમાં અમંગલ કરાવશે.
એમણે આવું કહ્યું એટલે માતુશ્રી ગભરાયા.
વિવાહ ફોક કરવાનું વિચારવા લાગ્યા.
માતાએ પુત્રને વાત કરી.
એક વાર મનથી જેને પત્ની માની તેને દગો કેમ દેવાય?
આ તો અપરાધ કહેવાય.
એ ભાઈ તો પહોંચ્યા નારેશ્વર.
ગુરુમહારાજના શરણમાં.
પૂ.શ્રીને વાત કરી.
પોતાની મનોવ્યથા વર્ણવી.
પૂ.શ્રીએ કહ્યું: "જો કોઈનાં પ્રારબ્ધનો તું સર્જક નથી કે તેનો સંહારક નથી.
જો તમારાં બંનેનાં હૃદય મક્કમ હોય, જરા પણ ડર ના હોય તો મંગળ કે નો મંગળ.
તારો વાળ વાંકો નહિ થાય એની હું ખાત્રી આપું છું.

**સેવા મનુષ્યની સ્વાભાવિક વૃત્તિ છે.**

પરંતુ હૃદયના કોઈ ખૂણે પણ અમંગળનો ડર છૂપાયો હશે તો તેમ થાય જ."

કુટુંબના વડિલોને રાજી રાખવા ઘણી વાર વ્યક્તિએ પોતાના નિર્ણયમાં ફરફાર કરવો પડતો હોય છે અને એવું જ અહીં પણ થયું.

પરંતુ પૂ.શ્રીની એ સલાહ હતી કે સુખ અથવા દુઃખ, બંધન અથવા મુક્તિ એ મનનું પરિણામ છે.

"સુખ દુઃખ મનનાં સોણલાં જન્મ મરણ તન ગંધ" એવું લખનાર અવધૂતજી મનને મજબૂત રાખવા પર ભાર મૂકતા.

●

## (૧૦)

## "ચાલો, હવે દવા લેવી નહિ પડે"

ઈશ્વરભાઈ ચતુરભાઈ પટેલ એનું નામ.

મૂળ ગામ આણંદ પાસેનું બેડવા.

પરંતુ ઘણા વર્ષોથી અમદાવાદ રહે.

ગ્રામોદ્યોગ ખાદી ભંડારમાં નોકરી કરે.

પૂ.શ્રીના પ્રથમ દર્શન ધર્મજમાં કરેલા.

પૂ.શ્રીના પ્રત્યક્ષ સંપર્કમાં આવવાનું બન્યું સને ૧૯૬૩માં.

ઇશ્વરભાઇને તાવની બીમારી લાગુ પડેલી.
તાવ પીછો છોડે નહિ.
દાક્તરને બતાવ્યું.
દાક્તરે તપાસીને દવા લખી આપી.
દવાની દુકાનેથી બધી દવા ખરીદી તો ખરી પણ લેવાનું શરૂ નો'તું કર્યું.
એમને વિચાર આવ્યો કે નારેશ્વર જઉં.
પૂ.શ્રીના દર્શન કરું અને પછી દવા લેવાનું શરૂ કરું.
ઇશ્વરભાઇ તો પહોંચ્યા નારેશ્વર.
દિલમાં ઊંડી શ્રદ્ધા અને અડગ વિશ્વાસ.
પૂ.શ્રી શાંતિનિકુંજના ઓટલે બેઠા હતા.
સેવામાં ભાદરણના શંકરકાકા હતા.
શંકરકાકાની સાથે ઇશ્વરભાઇને સારો પરિચય હતો.
ઇશ્વરભાઇ પૂ.શ્રીને પગે લાગ્યા.
બીમારીની વાત નીકળી એટલે પૂ.શ્રીએ પૂછ્યું: "દાક્તરને બતાવ્યું? દવા લીધી?"
ઇશ્વરભાઇએ કહ્યું: "બાપજી! દાક્તરને બતાવી દવા તો લાવ્યો છું પણ દવા લીધી નથી."
પૂ.શ્રીએ પૂછ્યું: "કેટલા દિવસની રજા લઇને આવ્યા છો?"

**ભાતૃભાવથી કરતાં આત્મભાવથી કરેલી સેવા શ્રેષ્ઠ છે.**

ઈશ્વરભાઈએ કહ્યું કે "એક અઠવાડિયાની રજા લઈને આવ્યો છું."

જેવું ઈશ્વરભાઈએ કહ્યું કે અઠવાડિયાની રજા લઈને આવ્યો છું તેવું જ પૂ.શ્રી બોલ્યાઃ ચાલો! સારું થયું. હવે દવા લેવી નહિ પડે.

અઠવાડિયાની રજા નારેશ્વરમાં રહીને દીવાબેટના ચોતરાના કામમાં ગાળી.

બીમારી ગઈ અને ઈશ્વરભાઈ સાજા-તાજા થઈને ઘરે પાછા આવ્યા.

આ ઈશ્વરભાઈ હજી સને ૨૦૦૬માં જ ઈશ્વર પાસે ગયા-મૃત્યુ પામ્યા.

એમની પૂ.શ્રી પ્રત્યેની અનન્ય નિષ્ઠાને આજે પણ રંગ પરિવાર યાદ કરે છે.

●

**સેવાનો આધાર પૈસો નથી, પરંતુ હૃદય અને ઈચ્છા છે.**

## (૧૧)

## ઈશ્વરભાઈના ઈશ્વર રંગદાદા

આણંદ પાસે બેડવા ગામ.
એમાં એક રંગભક્ત રહે.
નામ એનું ઈશ્વરભાઈ ચતુરભાઈ પટેલ.
અમદાવાદમાં નોકરી મળી એટલે ત્યાં સ્થાયી થયા.
સને ૧૯૬૫ની સાલ. જાન્યુઆરી મહિનો.
ઈશ્વરભાઈને મણકાનો દુ:ખાવો થયો.
મણકાના દુ:ખાવાને કારણે ખૂબ હેરાન થાય.
સિવિલ હોસ્પીટલમાં દાક્તરને બતાવ્યું.
દાક્તરે કહ્યું કે મણકો સડે છે.
ઓપરેશન કરાવવું જ પડે.
થોડી દવા લખી આપી.
આ દવા લો પછી ઓપરેશન કરીશું.
ઈશ્વરભાઈએ તો દવા ખરીદી અને દવા લઈને ઉપડ્યા નારેશ્વર.
સબ દુ:ખોકી એક દવા અને તે નારેશ્વર.
નારેશ્વર જઈ પૂ.શ્રીના દર્શને ગયા.
ભાદરણના શંકરકાકા સાથે પૂ.શ્રીના દર્શને ગયા.

**સેવામાં દર્શનનો ભાવ રાખો, પ્રદર્શનનો નહિ.**

પગે લાગી બંને બેઠા.
મણકાના દુ:ખાવાને કારણે ટટાર બેસી શકાય નહિ.
ઈશ્વરભાઈને વાંકા વળીને બેઠેલા જોઈને પૂ.શ્રીએ શંકરભાઈને પૂછ્યું: "આ ભાઈ કેમ આમ બેસે છે?"
શંકરભાઈએ મણકાના દુ:ખાવાની વાત કરી.
પૂ.શ્રીએ ઈશ્વરભાઈને પૂછ્યું: "શું થયું છે?"
ઈશ્વરભાઈએ બધી વાત કરી.
ડૉક્ટરે ઓપરેશન કરવાનું કહ્યું છે.
દવા લખી આપી છે.
દવા ખરીદી છે પણ લેવાની શરૂ કરી નથી.
દવા લઈને સીધો અહીં આપના દર્શને આવ્યો છું.
પૂ.શ્રીએ શંકરકાકાની સામે જોઈને કહ્યું: "શહેરમાં તો લોકો પાસે પૈસા હોય.
ગામડામાં ગરીબ લોકો શું કરે?
ક્યાંથી મોંઘી દવા લાવે?
તેઓ તો નર્મદા મૈયામાં ડૂબકી લગાવે અને નર્મદા માતા તેમનું દુ:ખ દૂર કરે."
ઈશ્વરભાઈને થયું કે પૂ.શ્રી મને નર્મદામાં ડૂબકી મારવાનું કહે છે.
એ તો ત્યાંથી થયા ઊભા.

**સેવા અને ત્યાગથી મોટો અધિકાર પ્રાપ્ત થાય છે.**

કશું કહ્યા વિના ગયા નર્મદાને કિનારે.
જાન્યુઆરી મહિનાની ઠંડી.
પરંતુ ગુરુમહારાજમાં અનન્ય શ્રદ્ધા તે ચાર-પાંચ ડૂબકી લગાવી દીધી.
ડૂબકી લગાવવામાં કમરમાંથી વળવું પડે.
ઠંડીની ઋતુ છતાં ડૂબકી મારીને પાછા પૂ.શ્રી પાસે આવીને બેઠા.
પૂ.શ્રીએ પૂછ્યું: "ક્યાં જઇ આવ્યા?"
ઈશ્વરભાઇએ કહ્યું: "બાપજી! નર્મદામાં જઇને ડૂબકી મારી આવ્યો."
બાપજી બોલ્યા: "ચાલો! બધું ગયું. લહેર કરો."
અને ખરેખર દવા વગર ઈશ્વરભાઈ સાજા થઈ ગયા.
મણકાનો દુ:ખાવો ગયો.
ઈશ્વરભાઈ ઘરે પાછા ફર્યા પણ પાછા ફરતાં પહેલાં બધી દવા નર્મદામૈયામાં પધરાવી દીધી.
રંગદાદાની કૃપાથી ઈશ્વરભાઈ સને ૨૦૦૬ સુધી જીવ્યા અને ટટાર બેસીને ભજન-ધૂન કરતા રહ્યા.

●

**સેવાવૃત્તિ અહંકાર દૂર કરવાનું અમોઘ સાધન છે.**

# (૧૨)

## કેમ તમારી બદલી થઈ?

કુસુમબેન શંકરભાઈ પટેલ એમનું નામ.
વડોદરામાં રહે.
શિક્ષણાધિકારી તરીકે નોકરી કરે.
બી.એ; એમ.એડ. ભણેલા એટલે ગર્વ અને ગૌરવ બંને.
એમના પતિ શંકરભાઈ રતલામ નોકરી કરે.
સંતાનો વડોદરામાં ભણે.
એમની માતાના આગ્રહને વશ નારેશ્વર દર્શને ગયેલાં.
પૂ.શ્રીના દર્શનની ઊંડી છાપ પડી.
૧૯૬૦ની સાલ. જૂલાઈ મહિનો.
મોટી કોરલની માધ્યમિક શાળાના નિરીક્ષણ કાર્ય માટે કુસુમબેન ગયેલા.
કામ પૂ રું કર્યા પછી નારેશ્વર જવાનો વિચાર આવ્યો.
નાવડી દ્વારા મોટી કોરલથી નારેશ્વર દર્શને ગયા.
નાવડીમાંથી ઉતરી હાથ પગ ધોયા.
પટાવાળો સાથે હતો.
પટાવાળા સાથે દર્શને ગયા.
બાપજી તો આરામ ખુરશીમાં બેઠા હતા.

**સેવા કરનાર માન-અપમાનથી દૂર રહે છે.**

આજુબાજુ ભકતો બેઠા હતા.
કુસુમબેને જઇને પ્રણામ કર્યા.
પ્રણામ કરીને જેવા ઊઠ્યા કે ત્યાં જ બાપજીએ પૂછ્યું, "કેમ તમારી બદલી થઇ?"
એમણે હાથ જોડીને કહ્યું કે "બાપજી! બદલી તો નથી થઇ. બદલી થવાની શક્યતા હતી પણ થઇ નથી."
બાપજી કશું બોલ્યા નહિ.
થોડી વાર પછી મોટી કોરલ જવા નીકળતા હતા ત્યાં મોદીકાકાએ ખૂબ આગ્રહ કર્યો.
આગ્રહવશ રાત્રિ રોકાણ નારેશ્વર કર્યું.
પટાવાળાને મોટી કોરલ મોકલી આપ્યો.
બીજે દિવસે સવારે પટાવાળો મોટી કોરલથી ટ્રેઇનમાં બેસે અને કુસુમબેન નારેશ્વર રોડથી ટ્રેઇનમાં બેસે એમ નક્કી થયું.
બીજે દિવસે માલસામાન સાથે પટાવાળો ટ્રેઇનમાં બેઠો.
નારેશ્વર રોડથી કુસુમબેન બેઠા.
પટાવાળાએ તરત એક કાગળ હાથમાં મૂક્યો.
એ કાગળ વાંચ્યો તો ખબર પડી કે કુસુમબેનની બદલી સુરત થઇ હતી.
કુસુમબેન તો આશ્ચર્યમાં ડૂબી ગયા.

**બીજાની કરેલી સેવા એ પૃથ્વી ઉપર રહેવાનું ભાડું છે.**

બદલીના સમાચાર જે રીતે મળ્યા એમાં ઈશ્વરી સંકેત માન્યો અને આ બદલી અનુકૂળ ન હતી તો પણ સહર્ષ સ્વીકારી લીધી.

•

## (૧૩)

## મેટ્રિક એટલે મેં કરેલી ટ્રીક

પૂ.શ્રીનો અવધૂતી વિનોદ આપણને હસાવી દે અને વિચારતા કરી દે એવો.

વડોદરામાં કુસુમબેન પટેલ રહે.

શિક્ષણાધિકારી તરીકેની નોકરી કરે.

એમને એક દીકરો.

એનું નામ અનામી.

સને ૧૯૬૦માં એસ.એસ.સી.ની પરીક્ષા આપવાની હતી.

તૈયારી હતી પણ બીમારીને કારણે પરીક્ષામાં બેસાયું નહિ.

અનામીને પ્લુરસી થયેલી.

૧લી મે, ૧૯૬૦ના રોજ ગુજરાત રાજ્યની સ્થાપના થઇ.

**સેવાથી અંદરનો આત્મા રોશન થાય છે.**

આ ગુજરાત રાજ્યના એસ.એસ.સી. બોર્ડની પહેલી પરીક્ષા ઓક્ટોબરમાં લેવાવાની હતી.
કુસુમબેનનો અનામી આ પરીક્ષા આપવાનો હતો.
ભણવામાં ખૂબ હોશિયાર તો હતો જ પરંતુ પૂ.શ્રીના આશીર્વાદ મળે તો સોનામાં સુગંધ ભળ્યા જેવું થાય.
સને ૧૯૬૦નો ઓક્ટોબર માસ.
પરીક્ષા પહેલા એક દિવસ પૂ.શ્રી વડોદરા પધારેલા.
કુસુમબેનને થયું કે મારે માટે જ ગુરુદેવ પધાર્યા છે.
અનામીને દર્શન માટે લઈ જાઉં.
પણ દર્શન કરવામાં બહુ સમય જાય એ કારણસર અનામીની ઈચ્છા ઓછી હતી.
કુસુમબેને એકલા જવાનું નક્કી કર્યું.
ભગવાનનું કરવું તે અનામીનો વિચાર બદલાયો.
એ બોલ્યો: "મમ્મી! મારો બહુ વખત ન બગડે તો હું પણ આવું."
બંને જણા દર્શને ગયા. બંને પૂ.શ્રીને પગે લાગ્યા.
કુસુમબેને અનામીની પરીક્ષાની વાત કરી.
તબિયતની વાત કરી અને પછી આશીર્વાદ આપવા પ્રાર્થના કરી.
પૂ.શ્રીએ અનામીને માથે હાથ મૂક્યો.

**જ્ઞાનનો પ્રારંભ મૌનમાં સમાયેલો હોય છે.**

આશીર્વાદ આપ્યા.
પછી પૂછ્યું: "તું શું ભણે છે?"
અનામીએ કહ્યું: "મેટ્રિક".
પૂ.શ્રીએ કહ્યું: "મેટ્રિકનો અર્થ શો?"
અનામી તો મૂગો મૂગો હસ્યા કરે.
પૂ.શ્રીએ કહ્યું: "અમે તો સંસ્કૃત ભાષા જાણીએ. હું તો મેટ્રિક એટલે મેં કરેલી ટ્રીક એવો અર્થ સમજુ છું. મેં એવી ટ્રીક કરી કે બધા પરીક્ષકો મારા થાય."
બસ! અનામી આશીર્વાદ સાથે પરીક્ષામાં બેઠો.
પહેલેથી જ તેજસ્વી તો હતો જ.
મહેનત પણ ખૂબ કરી હતી અને પૂ.શ્રીના આશીર્વાદ હતા.
પરિણામ શું આવ્યું?
અનામી ૮૫% સાથે બોર્ડમાં પ્રથમ આવ્યો.
પૂ.શ્રીએ મેટ્રિકનો કરેલો અર્થ ફળ્યો.

•

**જ્ઞાન એ દોરો પરોવેલી સોયના જેવું છે.**

# (૧૪)
# તેરસાનો કૂવો

ગામનું નામ તેરસા.
ગામમાં એક પટેલ રહે.
એનું નામ પુરુષોત્તમદાસ.
સને ૧૯૬૪-૬૫ના વર્ષની વાત છે.
એમને કૂવો ખોદવાનો વિચાર આવ્યો.
ગામડામાં તો કૂવો આશીર્વાદરૂપ ગણાય.
એમણે કૂવો ખોદવાનો નિર્ણય કર્યો એ જ રાત્રે સ્વપ્નમાં પૂ.શ્રીએ કહ્યું કે વિચાર કરીશ નહિ.
કૂવો ખોદ. પાણી સારું મળશે.
પુરુષોત્તમભાઈને તો આનંદ આનંદ થઈ ગયો.
બીજે દિવસે સવારે એમણે આ વાત એના ભાઈને કરી.
એના ભાઈ ઈશ્વરભાઈએ કૂવો ખોદવાની ના પાડી.
એમના મીંઢોળના ફૂવા શ્રી વિઠ્ઠલભાઈ પરાગજીદાસે કૂવો ખોદવાની ના તો પાડી પણ ઉપરથી ધમકી આપી કે તું કૂવો ખોદાવશે તો હું કૂવો પૂરાવી દઈશ.
પુરુષોત્તમભાઈને થયું કે બાપજીએ મને સ્વપ્નમાં કૂવો ખોદવાની આજ્ઞા કરી અને આ ભાઈ તથા ફૂવા ના પાડે છે તો શું કરવું?

**જ્ઞાનનો ટાપુ વિશાળ તો વિસ્મયનો કિનારો લાંબો.**

બાપજી નારેશ્વરમાં છે એવી ધારણા.
પુરુષોત્તમભાઈએ પોતાના ભાઈ ઈશ્વરભાઈને કહ્યું કે આપણે નારેશ્વર જઈએ.
બાપજીને પૂછીએ.
બાપજી હા કહે તો ખોદવો કે નહિ?
ઈશ્વરભાઈએ કહ્યું કે બાપજી કહે તો કૂવો ખોદવો.
રવિવારે સ્કૂલમાં રજા હોય એટલે નારેશ્વર પૂછવા જવાનું નક્કી કર્યું.
બીજે દિવસે પુરુષોત્તમભાઈ સ્કૂલે ગયા.
સવારના સાતનો સમય.
એક અજાણ્યો માણસ આવ્યો.
એને કોઈ પણ શિક્ષક ઓળખે નહિ.
પુરુષોત્તમભાઈએ એમને 'આવો' કહીને આવકાર્યા.
પેલા આવનારે કહ્યું કે હું નારેશ્વરથી આવું છું.
પૂ.શ્રી નારેશ્વર નથી.
તેઓશ્રી પોર ગયા છે અને ત્યાં દશ દિવસ રહેવાના છે.
આટલું કહીને ભાઈ જતા રહ્યા.
પુરુષોત્તમભાઈએ ઈશ્વરભાઈને વાત કરી એટલે ઈશ્વરભાઈ પોર ગયા.
પૂ.શ્રીને પૂછીએ કે કૂવો ખોદવો કે નહિ?

**જ્ઞાની માણસ પોતે જ પોતાનો મિત્ર બની શકે.**

પૂ.શ્રી મૌનમાં હતાં જરૂર જણાય તો બોલતાં.
ગોવિંદભાઇ ભિક્ષાનું પૂછવા આવ્યા.
પૂ.શ્રી બોલ્યા: "ગોવિંદ! ભૂખ જેવું નથી.
કોઇ ભક્ત ગૂંચવાતો હોય તો ગૂંચવાય નહિ."
પૂ.શ્રી આટલું બોલ્યા એટલે ઇશ્વરભાઇએ તરત પૂછ્યું:
"બાપજી! મારે કૂવો ખોદવો છે. ખોદું?"
પૂ.શ્રી બોલ્યા: "ખોદોને! પાણી સારું મળશે."
આ એક વાક્ય બે વાર બોલ્યા.
કુટિરમાં જતાં ત્રીજી વાર બોલ્યા: "કૂવો ખોદ. સારું થશે."
આવું કહીને ઇશ્વરભાઇને પ્રસાદમાં પેંડો અને ગુલાબનું ફૂલ આપ્યા.
ઇશ્વરભાઇએ કૂવો ખોદવાની સંમતિ આપી.
કૂવો ખોદવામાં આવ્યો અને તેમાંથી પુષ્કળ પાણી મળ્યું.
અને તે પણ મીઠું. પીવા માટે સરસ કામમાં આવે એવું.
ભક્તને સ્વપ્નમાં અને પ્રત્યક્ષ માર્ગદર્શન આપીને કામના પૂર્ણ કરનારા રંગદાદા આવા મહાન હતા.

●

**પ્રારબ્ધ એ ઇશ્વરનું તખલ્લુસ છે.**

# (૧૫)

## જ્યાં જાય ઊકો, ત્યાં સમુંદર સૂકો

મૂળ કાઠિયાવાડના પણ રોજી રોટી માટે પોરમાં સ્થાયી થયેલા.
એમનું નામ પ્રેમજીભાઇ.
દરજીનું કામ કરે.
દરજીના કામમાં નીચું માથું કરીને સીવવું પડે.
પ્રામાણિક અને મહેનતુ એટલે ધંધો સારો ચાલે.
અચાનક એમને માથાનો દુ:ખાવો શરૂ થયો.
દાકતરની અને વૈદ્યની દવા કરી પણ દુ:ખાવો કેમે કરીને હટે નહિ.
દર્દ વધતું ગયું.
મગજમાં પાક થયો અને એ પાકનું પરૂ નાક વાટે પડવા લાગ્યું.
નીચું જોવાય નહિ.
નીચું જોવા જાય કે ભયંકર દુ:ખાવો શરૂ થાય.
દરજીના ધંધામાં તો નીચું જોયા સિવાય સિવણકામ બને જ નહિ.
એક તો માથાનો દુ:ખાવો અને બીજું ધંધાપાણી બંધ.

**પ્રારબ્ધ તો પુરુષાર્થની પાછળ ચાલે છે.**

માથામાં એવા ભયંકર વેગ મારે કે અડધા ગાંડા જેવા થઈ ગયા.
કોઈની સાથે બોલવાનું ન ગમે.
કોઈ બોલે તો તે પણ ના ગમે.
બધી બાજુથી મૂંઝાઈ ગયેલા.
એવામાં નારેશ્વરમાં સર્જીકલ કેમ્પ ગોઠવાયો.
રંગભક્ત ગોવિંદભાઈ ઉપાધ્યાયે પ્રેમજીભાઈને વાત કરી.
સર્જીકલ કેમ્પમાં સારા સારા ડૉકટર આવે અને મફત ઓપરેશન કરે.
પ્રેમજીભાઈએ નારેશ્વર આવવા હા પાડી.
ગોવિંદભાઈએ નારેશ્વર પત્ર લખીને પ્રેમજી ભાઈનું નામ નોંધાવ્યું.
ત્યાંથી જવાબ પણ આવ્યો.
તા. ૬-૩-૬૫ના રોજ નારેશ્વરમાં હાજર થવાનું હતું.
દુઃખથી કંટાળી ગયેલા પ્રેમજીભાઈ તો ૬ઠ્ઠી તારીખને બદલે બે દિવસ વહેલા તા. ૪ તારીખે પહોંચી ગયા.
વ્યવસ્થાપક વઢ્યા તો લઢી ઝઘડીને પણ રહ્યા.
છઠ્ઠી તારીખે એમનો વારો આવ્યો.
વારો તો આવ્યો પણઃ-
'જયાં જાય ઊકો, ત્યાં સમુંદર સૂકો' જેવું થયું.

●

**તમે જ તમારા ભાગ્ય (પ્રારબ્ધ)ના સ્રષ્ટા છો.**

## (૧૬)

## ❁ પ્રેમજીભાઇને પ્રેમથી સાજા કર્યા: ❁

પ્રેમજીભાઈ માથાના દુ:ખાવાથી ત્રાસી ગયેલા.
નારેશ્વર બે દિવસ પહેલા પહોંચ્યા.
એમનો વારો તા. ૬ઠ્ઠીના રોજ આવ્યો.
દાકતરોએ તપાસ્યા.
પછી કહ્યું કે મગજનું ઓપરેશન કરવું પડશે.
આવું ઓપરેશન અહીં નહિ થાય.
મુંબઈ આવવું પડશે.
દુ:ખથી અડધા પાગલ જેવા થયેલ પ્રેમજીભાઈનો મગજનો પારો ચઢ્યો.
ખૂબ ગુસ્સો ચઢ્યો.
ગોવિંદભાઈને જઈને વઢ્યા.
મને અહીં લાવીને નાહકનો શું કામ હેરાન કર્યો?
ગોવિંદભાઈ એમનું દુ:ખ સમજતા હતા.
આ સર્જીકલ કેમ્પ દરમ્યાન પૂ.શ્રીના દર્શન પર પ્રતિબંધ હતો.
પૂ.શ્રી એ કહ્યું હતું કે બધા દર્દીની સેવા કરજો.
દર્દીની સેવામાં જ મારા દર્શન છે.

**પ્રારબ્ધને ભરોસે બેસી રહેવું એ નિર્બળતાની નિશાની છે.**

આમ છતાં પ્રેમજીભાઇ તો પૂ.શ્રીના દર્શને ગયા.
પગે લાગ્યા અને રડતા રડતા બધી વાત કરી.
પ્રેમજીભાઇ બોલ્યા: "બાપજી! મને ડૉક્ટરોએ મુંબઇ આવવાનું કહ્યું.
હું ગરીબ માણસ. કેવી રીતે મુંબઇ જાઉં?
હું તો મારે ઘરે પોર જ જઉં છું."
આવું બોલીને છૂટે મોંઢે રડી પડ્યા.
પૂ.શ્રીએ એમના તરફ અમીભરી દૃષ્ટિ ફેંકી.
પછી કહ્યું કે "પ્રેમજીભાઇ! દાક્તર કહે તેમ જ કરવું પડે.
આમાં કોઇનું કાંઇ ચાલે નહિ.
તમારે ઘરે જવું હોય તો જજો પણ નર્મદામાં સ્નાન કરીને જજો."
પ્રેમજીભાઇ તો ગયા ગોવિંદભાઇ પાસે.
બધી વાત કરી.
પછી ઉપડ્યા નર્મદા કિનારે.
નર્મદામાં જઇને સ્નાન કર્યું.
સંતોષ થાય એટલી વાર સ્નાન કર્યું.
સ્નાન કરીને બહાર આવ્યા તો એમને માથાનો દુ:ખાવો ઓછો થયો હોય એવું લાગ્યું.

**સાચો પુરુષાર્થ પ્રારબ્ધને પંથે લઇ જાય છે.**

માથામાં વેગ મારતા હતા તે બંધ થઇ ગયા.
એ તો હસતાં હસતાં ગોવિંદભાઇ પાસે આવ્યા.
ગોવિંદભાઈને કહે કે મને હવે સારુ લાગે છે.
હવે મારે ઘરે જવું નથી.
મારે પોર જવું નથી.
હું તો અહીં જ સ્વયંસેવક તરીકે સેવા આપીશ.
પ્રેમજીભાઇને સ્વયં સેવકનો બિલ્લો અપાવ્યો.
ત્રેવીસ દિવસ સુધી સેવા કરી અને છેલ્લે દાકતરને બતાવ્યું.
દાકતરે તપાસીને કહ્યું કે તમારા મગજમાં તો દર્દનું નામ નિશાન નથી.
કરુણાના સાગર રંગદાદાએ અમીદષ્ટિથી દુ:ખ હરી લીધું હતું.
નર્મદાસ્નાન તો માત્ર બહાનું હતું.
બાળકો! આવી અદ્‌ભુત શકિત આપણા રંગદાદામાં હતી.

•

**પ્રારબ્ધ હંમેશા પરિશ્રમની સાથે ચાલે છે.**

## (૧૭)

## સર્જીકલ કેમ્પની સાત્ત્વિક શિસ્ત

રંગબાપજી એ અદ્‌ભુત સંત હતા.

દુઃખીને જોઇને દુઃખી થઇ જાય.

પ્રવાસમાં કે જ્યાં મુકામ હોય ત્યાં દર્દથી પીડાતાને જોઇને ભગવાનને પ્રાર્થના કરે.

ગામડાના ગરીબ દર્દી માટે શું થઇ શકે?

એ વિચારમાંથી સર્જીકલ કેમ્પનો વિચાર જન્મ્યો અને નારેશ્વરમાં સર્જીકલ કેમ્પ થયો.

પહેલા સર્જીકલ કેમ્પ વખતે ૭૦૦ જેટલા દર્દી આવેલા.

ઓપરેશન થિયેટર જેવી સગવડ તો ક્યાંથી ઊભી થાય?

પણ અહીં અવધૂતજીની જેવી હાજરી હતી તેવી હાજરી શહેરની હોસ્પિટલમાં ક્યાંથી હોય!

આ સર્જીકલ કેમ્પમાં પૂ.શ્રીએ ભક્તોને પોતાના દર્શને આવવાની મનાઇ ફરમાવેલી.

કોઇએ મારા દર્શને આવવું નહિ.

દર્દીઓની સેવા કરો.

આ દર્દીઓની સેવા એ જ સાચા દર્શન છે.

પૂ.શ્રીને ભક્તિ ગમે પણ ભક્તિના નામે થતી ઘેલછા કે વેવલાઇ ના ગમે.

**પુરુષાર્થ જ પ્રારબ્ધનો ઘડવૈયો છે.**

એમણે એમ પણ કહ્યું કે હું રોજ દર્દીઓની ખબર જોવા આવવાનો છું ત્યારે દર્દીની સેવા કરતાં કરતાં તમને મારા પણ દર્શન થશે.

સાચા સંતો ભક્તોને સાચા રસ્તે ચાલતા શીખવાડે- ફરજ બજાવો, દર્દીની સેવા કરો એ જ સાચો ધર્મ છે. ગરીબના આંસુ લૂછો. ભૂખ્યાને ખાવાનું આપો. આ જ સાચો ધર્મ છે.

પૂ.શ્રીએ દર્દીઓને હિંમત આપતાં કહ્યું: "તમે તમારે ઓપરેશન ટેબલ ઉપર નિરાંતે સૂઈ જજો. યમરાજાની તાકાત નથી કે તે નારેશ્વરમાં પગ મૂકે."

અને ઓપરેશન કરનારા ડૉકટરોને કહેલું કે "તમે જયારે ઓપરેશન કરો, દર્દીના શરીર પર ચપ્પુ ચલાવો ત્યારે એ અવધૂતનું શરીર છે એમ સમજીને કાપો મૂકજો."

સમાજને આવા સંતની જરૂર છે.

સાત્ત્વિક ભાવના અને એને અનુરૂપ શિસ્તથી કાર્ય શોભે. લોકોને શીખવાનું મળે.

હે બાળકો! આપણે પણ જયાં જઈએ અને કામ કરીએ ત્યાં આવી દૃષ્ટિ રાખીએ.

●

**કાર્યો ઉદ્યમથી સફળ થાય છે, મનોરથો સેવવાથી નહિ.**

## (૧૮)

## ❁ વ્યવહારુ વલણ ❁

અશ્વિનભાઈ ઢેબર (હાલના પૂ. નર્મદાનંદજી) એનું નામ.
આ યુવાન મુંબઈમાં રહે.
મગજ ખૂબ તેજ.
ધારેલું કરવાની ટેવ.
પોતાના કામમાં કોઈ અવરોધ ઊભો કરે તો સહન ના કરે.
એનો પૂરી તાકાતથી સામનો કરે.
બત્રીસ વર્ષની ઉંમર થઇ, પણ યજ્ઞોપવીત ધારણ કર્યું ન હતું.
મુંબઈમાં વકીલાત કરે.
કોઈ પુણ્ય ઘડીએ પૂ.શ્રી તરફ વળ્યા.
પૂ.શ્રીની ભક્તિ કરવા લાગ્યા.
બાપજીની તર્કબદ્ધતા આકર્ષણ ઊભી કરી ગઇ.
મોટી ઉંમરે પણ જનોઇની વિધિ થયેલી નહિ.
એક વાર પૂ.શ્રીના દર્શને ગયા.
પૂ.શ્રી તે વખતે ધરમપુર ગામે હતાં.
ધરમપુરમાં સમૂહ જનોઇનો કાર્યક્રમ હતો.

**સૂતેલા સિંહના મોંમાં હરણો પ્રવેશતા નથી.**

આ કાર્યક્રમનો લાભ અશ્વિનભાઇને મળ્યો.
મોટી ઉંમરે યજ્ઞોપવીત સંસ્કાર મળ્યા.
મુંડન કરાવ્યું.
બીજા બધા બટુકની જેમ કૌપીન ધારણ કરી હાથમાં દંડ લઇને વિદ્યાભ્યાસ માટે ગુરુના ઘરે જવા દોડ્યા.
કર્મકાંડના નિષ્ણાત એવા ભાઇએ પૂ.શ્રીને પૂછ્યું કે બાપજી! આટલી મોટી ઉંમરે અશ્વિનભાઇને યજ્ઞોપવીત આપ્યું તો એ અંગે પ્રાયશ્ચિત કર્મ તો કરાવવું જ પડે ને! પ્રાયશ્ચિત કર્મમાં શું કરાવીએ એવો ભાવ હશે.
પૂ.શ્રીએ કહ્યું કે અરે! આટલી મોટી ઉંમરે એણે મૂંડન કરાવ્યું તે તો જુઓ.
મુંબઇનો ભણેલો ગણેલો યુવાન.
પ્રતિષ્ઠિત વકીલ અને છતાં મૂંડન કરાવે.
ખભે દંડ મૂકે અને બીજા બટુકોની સાથે દોડે એનાથી બીજું મોટું પ્રાયશ્ચિત શું હોઇ શકે?
પ્રશ્નનો વ્યવહારુ ઉકેલ શોધવાની કેવી દૃષ્ટિ?
કેવું વ્યવહારુ વલણ?

•

**પ્રારબ્ધ પુરુષાર્થ કરનારને મદદ કરે છે.**

# (૧૯)

## ❁ રેવાગીતમ્ । ❁

રંગદાદાએ નારેશ્વરમાં પ્રથમ આસન મૂકયું સને ૧૯૨૫માં.

માતા નર્મદાને નદી ગણી નથી, માતા જ ગણી છે.

નર્મદામાં કદી કોગળા કર્યા નથી.

મા રેવાનું વર્ણન કરતા પૂ.શ્રી શ્રીગુરુલીલામૃતમાં લખે છેઃ

રુદ્ર દેહા નર્મદા શિવપદ તું દેનાર,
અમલ નીર તારું અહા સદા રટે ૐકાર.

પૂ.શ્રીને વહેતી નર્મદા ૐ ૐ ગાતી હોય એમ લાગતું.

સને ૧૯૬૧નું વર્ષ.

ચોમાસાના દિવસો. વરસાદે માઝા મૂકી.

નર્મદામાં ભયંકર રેલ આવી.

પૂરને કારણે ખૂબ નુકશાન થયું.

નર્મદામાં પાણી વધ્યે જ જતા હતા.

લોકો ભયભીત બન્યા હતા.

મા નર્મદા તો નારેશ્વરના ઓવારના એક પછી એક પગથિયું ચઢ્યે જતા હતા.

**જેણે જાતને જીતી લીધી તે સૌથી મોટો નસીબદાર.**

ગભરાયેલા ભક્તો પૈકી કોઈ એકે પૂ.શ્રીને પૂરની ભયંકરતાની વાત કરી.

પૂ.શ્રી તો જાણે કશું જ થયું નથી એવી શાંતિ અનુભવતા હતા.

એમણે તો વિનોદમાં કહ્યું કે જો મા મને અહીં આવીને સ્નાન કરાવી જાય તો હું ભાલોદ અને કોરલ ગામને ચોર્યાસી જમાડું.

પૂ.શ્રીને ખબર હતી કે જો નર્મદામાં એટલું પાણી આવે તો મોટી કોરલ અને ભાલોદમાં કોઈ જીવતું જ ના રહે. બંને ગામ આખાને આખા ડૂબી જ જાય.

ગભરાયેલા ભક્તોને શાંતિ આપવા માટે પૂ.શ્રી ઊઠ્યા.

મા નર્મદા પાસે ગયા. નમસ્કાર કર્યા.

શ્રીફળ અને ચૂંદડી ચઢાવ્યા.

પાદસ્પર્શ કરીને પાછા ફર્યા.

બસ! બાપજી આમ પાછા ફર્યા અને મા નર્મદા આમ પાછા વળ્યા. પાણી ઓસરવા માંડ્યા.

આ પ્રસંગને અનુલક્ષીને પૂ.શ્રીએ રેવાગીતમ્ લખ્યું.

ગાયતિ રેવા રવ મધુરમ્
હર હર ૐ ૐ હર હર ૐ ૐ
હર હર ૐ ૐ હર હર ૐ
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં હર હર ૐ ૐ સતતમિતિ

**આપણા પ્રારબ્ધને આપણે જ યોગ્ય આકાર આપવાનો છે.**

રંગ પરિવારમાં ભજનના કાર્યક્રમની આ રેવાગીતમ્‌થી સમાપ્તિ થાય છે.

(જુઓ ટાઇટલ પેજ નં. ૪)

•

## (૨૦)
## સખાને સુખી કર્યા

રંગદાદાનું પૂર્વાશ્રમનું નામ પાંડુરંગ વિઠ્ઠલ વળામે.
ગોધરા તૈલંગ હાઈસ્કૂલમાં અભ્યાસ કરે.
રતિલાલ ત્રિવેદી પણ એ જ હાઈસ્કૂલમાં ભણે.
બીજા ધોરણથી છઠ્ઠા ધોરણ સુધી સાથે ભણ્યા.
સહાધ્યાયીમાંથી સખા-મિત્ર-બન્યા.
મોટા થયા પછી પાંડુરંગ વળામે બન્યા રંગ અવધૂત મહારાજ.
નર્મદા કિનારે નારેશ્વરમાં મુકામ કર્યો.
રંગદાદા મોટા સંત બન્યા છતાં જુના મિત્રો સાથે મિત્રતાથી જ વર્ત્યા. એમનું મન સાચવ્યું.
એક વાર અવધૂતજી ડેરોલ રેલ્વે સ્ટેશને આવ્યા.
ત્યાંથી વેજલપુર પાસેના ગુપ્તેશ્વર મહાદેવના સ્થાને ગયા.

**આજનો પુરુષાર્થ આવતી કાલનું ભાગ્ય છે.**

રતિલાલભાઇ ત્રિવેદીને ખબર મળી.
એ તો સીધા ગુપ્તેશ્વર મહાદેવના સ્થાન પર ગયા.
રતિલાલાભાઇ ત્યાં પહોંચ્યા ત્યારે પૂ.શ્રી ટેકરીની ટોચ પર ગયા હતા.
ત્યાં જઇને વ્યાઘ્રચર્મ પાથરી ધ્યાનમાં બેઠા હતા.
મંદિરના પૂજારીએ કહ્યું કે બાપજી તો હમણાં જ ટેકરી ઉપર ગયા છે. આવતા વાર લાગશે.
તો પણ રતિભાઇ તો બેઠા.
એમને વિશ્વાસ હતો કે પોતાના મિત્ર અવધૂતજી જલદીથી નીચે આવશે.
એમનો વિશ્વાસ સાચો પડ્યો.
દશ મિનિટમાં જ બાપજી નીચે આવ્યા.
બંને મિત્રો સાથે બેઠા. એક બીજાની નજીક બેઠા.
પૂ.બાપજીએ રતિભાઇના ડાબા ખભા પર હાથ મૂક્યો.
ખભા પર મૂકેલા હાથને આખા હાથ પર ફેરવ્યો.
એક બે વાર પૂ.શ્રીએ ખભાથી નીચે સુધી હાથ ફેરવ્યો.
રતિભાઇના ડાબા ખભામાં અને ડાબા હાથમાં 'વા'નું દર્દ હતું.
પૂ.શ્રીએ એમનો વરદ હાથ ફેરવ્યો અને 'વા'નું દર્દ જતું રહ્યું.

**અરે પ્રારબ્ધ તો ઘેલું રહે છે દૂર માગ્યે તો.**

રતિલાલાભાઈ દંગ થઈ ગયા.
પોતાને 'વા'નું દર્દ છે એવું તો કહ્યું પણ ન હતું.
વળી ફક્ત હાથ ફેરવ્યો ત્યાં જ દર્દ ગાયબ.
સિદ્ધપુરુષ કહ્યા વિના કેટલું કરે છે તે જોયું.
પોતાના મિત્ર-સખાનું દુઃખ દૂર કર્યું અને એમને સુખી કર્યા.

●

## (૨૧)

## પાદુકાની પ્રાપ્તિનો પરચો

ભરૂચ પાસે અવિધા નામનું ગામ.
એમાં એક રંગભક્ત રહે.
એનું નામ જનકલાલ નરસિંહદાસ.
પૂ.શ્રીની ૬૧મી જયંતી.
આ જયંતી ડાકોરમાં ઉજવવાનું નક્કી થયું પણ સાથે સાથે ૬૧ ગામોમાં પણ રંગજયંતી ઉજવવાનું નક્કી થયું.
૬૧મી રંગજયંતી સંવત ૨૦૧૫ની કારતક સુદ નોમ ઉપર આવે.

**ન માગ્યે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.**

સંવત ૨૦૧૪ના ભાદરવા માસમાં અચાનક સુમનભાઈ પુરોહિત (ભજન ભાસ્કર) મળ્યા.
એમણે જનકભાઈને કહ્યું હતું કે આ વખતે ૬૧ સ્થળે રંગજયંતી ઉજવવાની છે.
આ જનકલાલને વિચાર આવ્યો કે ૬૧ ગામોમાં રંગજયંતી ઉજવવાની હોય તેમાં આપણો નંબર ક્યાંથી લાગે?
શ્રીમંત હોય કે મોટા હોદ્દાવાળો હોય તેનો નંબર લાગે.
આપણા નસીબ ક્યાં એટલા બળિયા છે?
દિવાળીના દિવસોમાં જનકભાઈને સમાચાર આપવામાં આવ્યા કે તમારે ૬૧મી રંગજયંતી ઉજવવાની છે.
નારેશ્વરમાં બોર્ડ ઉપર જનકભાઈનું નામ હતું.
રાજપારડીના શ્રી છગનભાઈ પટેલે પણ આવીને આ સમાચાર આપ્યા.
જનકભાઈ તો રાજી રાજી થઈ ગયા.
નવા વર્ષે લાભ પાંચમના રોજ નારેશ્વર ગયા.
પૂ.શ્રીના દર્શન કર્યા.
પછી કહ્યું: "બાપજી! મારી પાસે પાદુકા નથી એટલે હું તો આપની પ્લાસ્ટિકની છબી ઉપર અભિષેક કરીશ."
પૂ.શ્રી બોલ્યા: "તારો ભાવ છે તો સોપારી પણ ચાલે."

**હિંમત રાખીને કામ કરનારને જ ભાગ્ય સાથ આપે છે.**

પછી જનકભાઈએ કહ્યું: "દાદા! મને પાદુકા મળવી જ જોઈએ."
એટલે પૂ.શ્રીએ કહ્યું: "જા, તને પાદુકા મળશે."
બસ! જનકભાઈને તો આનંદ અને સંતોષ થઈ ગયો.
ચાર દિવસ પછી રંગજયંતી ઉજવવાની હતી.
ઘરમાં રંગરોગાન કરાવ્યું.
ભજન માટે નવસારીથી સંગીતકાર નટવરલાલ સોનીને બોલાવ્યા.
ઘર આંગણે મંડપ બાંધી દીધો અને શણગારી પણ દીધો.
પૂજન માટે પુરોહિત શ્રી મૂળશંકરભાઈ આવનાર હતા.
એમને ભગવાને પ્રેરણા કરી એટલે ચાંદીની પાદુકા બનાવરાવીને પૂજન માટે લાવ્યા.
પૂજન દ્વારા અભિમંત્રિત થાય એટલે પછી પાછી ઘરે લઈ જવાના હતા.
એમણે જનકભાઈને સ્પષ્ટ કહ્યું કે પૂજન કરાવ્યા પછી હું પાદુકા મારા ઘરે પાછો લઈ જઈશ.
જનકભાઈ તથા તેમના પત્ની પાદુકાપૂજન કરવા બેઠા.
રંગે ચંગે ઉત્સવ ઉજવાયો.
રાત્રે ભજન હતા.
એકસઠ દીવાની રોશની કરી.

**માનવજીવન બુદ્ધિને બદલે ભાગ્યથી વધારે ચાલે છે.**

રાત્રે પાદુકાજી જનકભાઈના ઘરે જ રહ્યા.

બીજે દિવસે મૂળશંકરભાઈ આવ્યા અને કહેવા લાગ્યા:

"હવે આ પાદુકા તમારે ત્યાં જ રહેવા દો.

તમે જ એના સાચા અધિકારી છો."

પૂ.શ્રીએ કહેલું કે તને પાદુકા મળશે તે આવી અદ્ભુત રીતે મળી.

પાદુકા તો પ્રાપ્ત થઈ પણ પૂ.શ્રીએ યાદ રાખીને મારે માટે ડાકોરથી શ્રીફળ અને માખણ મિસરીનો પ્રસાદ પણ મોકલ્યો હતો.

ભક્તવત્સલ ભગવાન તે આનું નામ.

●

## (૨૨)

## બિનુસતસંગ વિવેક ન હોઈ

વાંસદા નામે ગામ.

હાલના નવસારી જિલ્લાનું ગામ.

બીલીમોરાથી ચાલીસ કિલોમીટર દૂર.

બસ દ્વારા જવું પડે.

સને ૧૯૬૩ની સાલ. એપ્રિલ મહિનો.

વાંસદા એ રજવાડી ગામ.

**અનુભવ માણસને ઘડે છે અને વ્યવહારુ બનાવે છે.**

ઇન્દ્રસિંહજી નામે એક રાજા હતા.
આ રાજાના સંબંધીને ત્યાં પૂ.શ્રી પધાર્યા.
સેવામાં વલસાડના વિદ્વાન શ્રી જમીયતરામ અધ્વર્યુ.
બાપજી એમને લાડમાં ભગતજીના નામે બોલાવે.
બાપજીનો મુકામ હોય ત્યાં પ્રાર્થના, ભજન, ધૂન હોય જ.
આ ગામમાં ગણપતિશંકર ઉપાધ્યાય નામે બ્રાહ્મણ રહે.
એ પોતે સંત પ્રેમી.
જાતે ભજન લખે અને હાર્મોનિયમ વગાડીને ગાઈ પણ શકે.
ઊંચો અને મીઠો અવાજ.
જમીયતરામભાઈ આ ગણપતીભાઈને ઓળખે એટલે એમણે કોક મારફત કહેવડાવ્યું કે "પૂ.શ્રી રંગ અવધૂત મહારાજ પધાર્યા છે તો દર્શને આવજો."
ગણપતિભાઈ તો ગયા દર્શને.
એમને ખબર કે ભજનિકને શા માટે બોલાવે?
ભજન ગાવા જ બોલાવે.
પૂ.શ્રી મહારાષ્ટ્રીયન છે એની ખબર.
ગણપતિભાઈ તો ગયા.
પગે લાગ્યા અને ત્યાં બેઠા.
એટલે જમિયતભાઈએ કહ્યું: એક ભજન સંભળાવો.

**અનુભવ એ જ્ઞાનનો માર્ગદર્શક છે.**

ગાયકને-ભજનિકને કોઈ ગાવાનું કહે એટલે બસ! ભાવતું હતું ને વૈદ્યે કહ્યું અથવા દોડવું હતું ને ઢોળાવ મળ્યો એવું કહેવાય.

સંતના સંગથી વિવેકની જાગૃતિ ધરાવતા અને એના ફળરૂપે કોઠાસૂઝ ધરાવનાર ગણપતિભાઈએ ભજન ગાયું.

કયું ભજન? (જુઓ ટાઈટલ પેજ નં. ૩)

●

# (૨૩)

## કૃપાદૃષ્ટિનું દાન

મુ. જમિયતભાઈએ કહ્યું: 'ગણપતિભાઈ! એક ભજન સંભળાવો'.

હાર્મોનિયમ તો હતું જ.

પૂ.શ્રી મહારાષ્ટ્રીયન હોવાથી ગણપતિભાઈ તુકારામ મહારાજનું એક અભંગ તૈયાર કરીને ગયા હતા.

ગણપતિભાઈએ તો અભંગ ગાયું.

મીઠી હલકે ગાયું.

શબ્દો હતા: "માગતો ભીખારી, આલો તુજા દ્વારિ"

ભજન પૂ રું થયું.

**આપણા અનુભવો આપણા ડહાપણમાંથી આવે છે.**

પાછા પગે લાગ્યા અને ઘરે જવા તૈયાર થયાં.

જમિયતભાઇએ એમને કહ્યું: "ગણપતિભાઇ! કાલે પાછા આવજો."

બસ! ભજનિકને તો બીજું જોઇએ જ શું!

ગણપતિભાઇ તો ઘરે ગયા.

રાત્રે હૃદયના ભાવને એક ભજન દ્વારા વ્યક્ત કર્યો.

સવારે પૂ.શ્રીના દર્શને ગયા. પગે લાગ્યા. બેઠા.

ભજન ગાવાનું સૂચન થયું એટલે વાજાપેટી ઉપર સ્વરચિત ભજન ગાયું. શબ્દો હતા:

નથી નાવિક કેવટ થઇ આવ્યો કે ચરણામૃત પાન કરું,
નથી શબરી સમ ભક્તિ મારી કે વચનામૃત પાન કરું.

એ ભજનનો કેન્દ્રવર્તી સૂર એ હતો કે મારી લાયકાત તો નથી પણ હે રંગા! તારી કૃપાનું દાન માગુ છું.

પૂ.શ્રીએ પ્રેમથી ભજન સાંભળ્યું.

પછી જમિયતકાકાને કહ્યું: "ભગતજી! આપણું પેલું પુસ્તક લાવો."

પૂ.શ્રીએ ગણપતિભાઇને માલકૌંસ રાગમાં "ગાયતી રેવા રવ મધુરમ્"એ રેવાગીત સંભળાવ્યું.

ગીત તો સંભળાવ્યું પણ પછી પૂ.શ્રીએ ગણપતિભાઇ ઉપર વેધક કૃપાદૃષ્ટિ ફેંકી.

સર્ચલાઇટના જેવી પ્રકાશવાળી દૃષ્ટિ.

**આપણું ડહાપણ આપણી મૂર્ખાઇમાંથી આવે છે.**

ગણપતિભાઈ કૃપાદષ્ટિને સમજી ગયા.

કૃપાનું દાન મળી ગયું એવું જાણી ગયા.

બસ! ત્યારથી ગણપતિભાઈ અને એનું સમગ્ર કુટુંબ ધીરે ધીરે રંગભક્તિમાં ડૂબી ગયું.

એ ગણપતિભાઈએ 'પાપીગણુ'ના નામે રંગદાદાના ઘણા ભજનો લખ્યા છે.

હે બાળકો! એ પાપીગણુ-ગણપતિશંકર ઉપાધ્યાય એટલે જ 'બાળકોના રંગદાદા' પુસ્તિકાના લેખક પ્રા. કુલીન ગ. ઉપાધ્યાયના પિતાજી.

(જુઓ ટાઈટલ પેજ નં. ૨)

•

## (૨૪)

## રામ રાખે તેમ રહીએ

પૂ.શ્રીના બે સૂત્રો સમજવા જેવા છે.

પહેલું તો અન્યને ઉપાધિ ન થાય એ રીતનું જીવન એ જ સત્કર્મ.

અને બીજું સત્કર્મ પોતે જ આશીર્વાદરૂપ છે.

પૂ.શ્રી આ સૂત્રાનુસાર જીવતા પણ ખરા.

સતાધારમાં એક રંગભક્ત રહે.

**અનુભવ એટલે પોતે કરેલી ભૂલોનો સરવાળો.**

નામ એનું અશ્વિનભાઈ દવે.
એની પત્નીનું નામ દેવીબેન.
રેલ્વે સ્ટેશન માસ્તરની નોકરી કરે.
સતાધાર તુલસી શ્યામ થઈને જવાય.
રેલ્વેના નાના ક્વાટર્સમાં આ દંપતી રહે.
દેવીબેનની પૂ.શ્રી તરફ અનન્ય ભક્તિ.
દિલથી યાદ કરે.
જે સમયગાળામાં અશ્વિનભાઈ તકલીફમાં હતા તે સમય દરમ્યાન જ પૂ.શ્રીએ સતાધાર જવાનું વિચાર્યું.
જુનાગઢ થઈને સતાધાર જવાનું નક્કી થયું.
અશ્વિનભાઈનું નાનું ઘર.
એમની વ્યવસ્થા શક્તિ પણ ઠીક ઠીક.
નાણાંકીય પરિસ્થિતિ પણ સાધારણ એટલે સેવકોની ઈચ્છા પૂ.શ્રી ત્યાં જવાનું માંડી વાળે એવી.
પૂ.શ્રીએ તો ત્યાં સુધી કહ્યું કે તમારે ના આવવું હોય તો કાંઈ નહિ. હું તો ત્યાં જઈશ જ.
હું મારી ભિક્ષા જાતે બનાવી લઈશ.
બધા સતાધાર ગયા.
પૂ.શ્રી માટે એક પાટ મૂક્યો હતો.
પાટ થોડો જૂનો. પાયા ડગમગ થાય.

**અનુભવ એ શ્રેષ્ઠ શિક્ષકની ગરજ સારે છે.**

પૂ.શ્રીનું શરીર ભારે.
બાપજી પડખું ફરે તો પાયા હલે.
પાટ કચડુક એવો અવાજ કરે.
સેવકોને ચિંતા થઇ.
બાપજી! પાટ બદલી નાંખીએ.
પૂ.શ્રીએ કહ્યું "જે છે તે બરાબર છે.
કોઇને ઉપાધિરૂપ નથી થવું."
જયારે પણ પડખું ફેરવે ત્યારે કચડુક અવાજ થાય.
એ સાંભળી એક સેવકને હસવું આવી ગયું.
પૂ.શ્રીએ એને કહ્યું: "તને શું ખબર પડે? આ તો અવધૂતને મીઠી નિંદર આવે એટલા માટે આ પાટ હાલરડું ગાય છે."
ભગવાન જે પરિસ્થિતિમાં રાખે તે પરિસ્થિતિનો આનંદથી સ્વીકાર કરવો જોઇએ.
રામ રાખે તેમ રહીએ તો ભગવાનના પ્યાર થઇએ એવો બોધ હતો.

●

**કેટલાક અનુભવને અંતે બોલે છે, કેટલાક બોલવાનું બંધ કરે છે.**

## (૨૫)

## ફરજપાલનમાં જ દર્શન-પુણ્ય

ભૂધરભાઈ પટેલ એનું નામ.
ગામડાની શાળામાં શિક્ષકની નોકરી કરે.
સાદું જીવન અને ધાર્મિક ભાવના પણ સારી.
પૂ. બાપજી પ્રત્યે ઊંડો ભાવ અને ઊંચો ભાવ.
પૂ.શ્રીનો લીંચમાં મુકામ.
સેવામાં બચુભાઈ રાવલ (હાલના પ્રેમ અવધૂતજી).
બધા દર્શને આવે તેમ ભૂધરભાઈ પણ દર્શને આવ્યા.
પૂ.શ્રીને થયું કે આજે રજાનો દિવસ નથી.
નિશાળ ચાલુ હોય તો ભૂધરભાઈ ચાલુ નિશાળે દર્શન કરવા આવ્યા હશે?
ઘણી જગ્યાએ શિક્ષક સહી કરીને પછી સ્કૂલમાંથી જતા રહે એ બાપજીને ખબર.
પૂ. બાપજીએ તો સીધું ભૂધરભાઈને પૂછ્યું: "ભૂધરભાઈ! આજે રજા છે?"
ભૂધરભાઈએ કહ્યું: "ના બાપજી."
હું અર્ધી રજા મૂકીને આવ્યો છું.
બાપજીએ કહ્યું: "તો ઠીક છે."

**સંતોની વાણી અનુભવવાણી હોવાથી અસરકારક છે.**

પછી એમ કહીને એમણે પોતાનું દષ્ટિબિંદુ સમજાવ્યું. "જુઓ ભૂધરભાઈ! આપણે ચાલુ સ્કૂલે છોકરાંને રેઢાં મૂકીને સંતના દર્શન જઈએ તો કેટલા ગુના થાય? એક તો પગારના પૈસા લીધા પણ છોકરાંને ભણાવ્યા નહિ એ પહેલો ગુનો. છોકરાંને ભણાવ્યા નહિ એટલે એમનું જ્ઞાન વધ્યું નહિ એ બીજો ગુનો. વળી ફરજ ચૂકીને સંતના દર્શન કરવાથી પુણ્ય મળે છે એવો સમાજમાં રોગ ફેલાવ્યો એ ત્રીજો ગુનો. સમાજ ખોટે માર્ગે જાય. તમે તમારી ફરજ સારી રીતે બજાવો એ મારા દર્શન જ છે ને!"

એક નાની અમસ્તી વાત.

પરંતુ ચિંતન કેવું ઊંડું.

કોઈ વિધિ વિધાનથી પુણ્ય નથી મળતું.

પુણ્ય મળે છે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવવાથી. તમને મળેલું કાર્ય કુશળતાપૂર્વક કરો એને જ ગીતામાં ભગવાન યોગ કહે છે.

યોગ: કર્મસુ કૌશલમ્ ।

●

**હાસ્યનું મૂળ આનંદમાં નહિ, પણ વેદનામાં છે.**

# શરણભાવ

(અભંગ)

માગતો ભિકારી આલો તુઝે દ્વારિ ।
દેઈ મજ હરિ ! કૃપાદાન ॥ માગતો.

સર્વભાવે શરણ આલોં પાંડુરંગા ।
કૃપાળુ તૂં જગ માઝી એક ॥ માગતો.

તુકા મ્હણે આતાં તુઝા શરણાગત ।
કરાવે સનાથ માય-બાપ ॥ માગતો.

(પૂ.શ્રીરંગ બાપજીને વાંસદા મુકામે તા. ૨૩-૩-૬૩ના રોજ ગણપતિશંકર ઉપાધ્યાયે સંભળાવેલું. જુઓ પ્રસંગ-૨૨)

# રેવાગીતમ્

## ગાયતિ રેવા રવ મધુરમ્ । (ધ્રુવ)

હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ।
સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં હર હર ૐ ૐ સતતમિતિ ।... ગાયતિ.

મેકલજાતા મનસિ વિભાતા, રૌતિ કલમ્ કિમપિહ ચીરમ્ ।
ત્વમહમહંત્વં ત્વમહમહંત્વં ત્વમહમહંત્વં ત્વમહમિતિ ॥...ગાયતિ.

તડિદુજ્જવલ જલ મુખતઃ સ્તૌતિ નીરંગં નાનારંગમ્ ।
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં જલશીકરવદભિન્નમિતિ..॥....ગાયતિ.

## નર્મદામાતકી જય

## રેવાગીતમ્નો અર્થઃ

નર્મદા મધુર અવાજથી ગાય છે. હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ ૐ, હર હર ૐ એમ સાંજ - સવાર (અને) સવાર સાંજ સતત હર હર ૐ ૐ એમ મધુર અવાજથી ગાય છે.

મેકલ (પર્વત)માંથી જન્મેલી (નર્મદા) મનમાં પ્રકાશે છે. અહીં લાંબા સમયથી કંઈક મધુર અવાજ કરે છે. તું હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું, હું તું છું, તું હું છું એમ મધુર અવાજથી (નર્મદા) ગાય છે.

વીજળી જેવા પ્રકાશતા જળરૂપી મુખ દ્વારા રંગ (સંસાર) વગરના છતાં જાતજાતના રંગવાળા (પરમાત્મા)ની નર્મદા સ્તુતિ કરે છે. હું બ્રહ્મ છું, તું બ્રહ્મ છે. અને આ બધું પાણી અને એના ટીપાંની માફક એક બીજાથી અભિન્ન છે.